શાળા પ્રવેશોત્સવ

અંબિકા અને મહુવામાં શાળા પ્રવેશોત્સવ, ૧૪૨ વિદ્યાર્થીએ શાળામાં પ્રવેશ મેળવ્યો

મેહુલ પટેલ

અનાવલ: શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬ના પ્રથમ દિવસે ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાએ અંબિકા તાલુકાના કોષ અને કરચેલિયા તેમજ મહુવાના ઘોળીકુઈ ગામની શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવ્યો હતો. કોષ પ્રાથમિક શાળામાં આંગણવાડીનાં ૧૦ બાળક, જ્યારે ડીવીડી પટેલ હાઇસ્કૂલ, ઘોળીકુઈ ખાતે ધોરણ-૯માં ૮૮ અને ધોરણ-૧૧માં ૪૪ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો હતો. આ પ્રસંગે મોહનભાઈ ઢોડિયાએ શિક્ષણને સમાજના વિકાસની ચાવી ગણાવી દીકરીઓના શિક્ષણ પર ભાર મૂક્યો હતો. નવા વિદ્યાર્થીઓનું કુમકુમ તિલકથી સ્વાગત કરી શૈક્ષણિક કિટ અને રમકડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મામલતદાર ધવલભાઈ બેન્કર, ગામના આગેવાનો, સરપંચ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

નવાગામ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ

વિશાલ પટેલ

કામરેજ: કામરેજના નવાગામ પ્રાથમિક શાળા ખાતે કલેક્ટર તેજસ પરમારની પ્રેરક ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ કન્યા કેળવણી મહોત્સવ યોજાયો હતો. કલેક્ટરે આંગણવાડીનાં છ, બાળવાટિકાનાં 27 અને ધો.1માં પાંચ બાળકો મળી કુલ 38 બાળકોને શાળાપ્રવેશ કરાવ્યો હતો. કલેક્ટરના હસ્તે નવાગામ પ્રાથમિક શાળાના તેજસ્વી તારલાઓને વિવિધ સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા બદલ સન્માનિત કરાયા હતા. બાદ શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ અવસરે જિલ્લા સમાહર્તાએ નાનાં ભૂલકાં સાથે જમીન પર બેસીને ભોજન પણ ગ્રહણ કરી બાળકોને પ્રોત્સાહિત કર્યાં હતાં. આ પ્રસંગે કામરેજ પ્રાંત અધિકારી વી.કે.પીપળીયા, નવાગામનાં સરપંચ સુમિત્રાબેન પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ કૌશલ પટેલ, શાળાનાં આચાર્યા નિશાબેન પટેલ, મામલતદાર ડી.આર.એસ.ઠાકોર, જિ.પં. સદસ્યો, શિક્ષકગણ, બાળકો સહિત વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બુટવાડા અને સ્યાદલા ગામમાં ભૂલકાંએ શાળાઓમાં પ્રવેશ મેળવ્યો

વાલોડ: અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષા વિભાગના અંડર સેક્રેટરી હેતલકુમાર પી.માવડિયાએ શાળા પ્રવેશોત્સવ અંતર્ગત કહેર પ્રાથમિક શાળા, બુટવાડા પ્રાથમિક શાળા અને સ્યાદલા પ્રાથમિક શાળામાં ઉપસ્થિત રહીને આંગણવાડીમાં 23, બાલવાટિકામાં 25 અને ધોરણ 1માં 31 બાળકોને પ્રવેશ અપાવ્યો હતો. શાળામાં પ્રથમ વખત પ્રવેશ મેળવતા નાના બાળકોને કુમકુમ તિલક કરી, શૈક્ષણિક કીટ અને રમકડાં આપીને આવકારવામાં આવ્યાં હતાં.

હથોડા ગામે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ

ઈબ્રાહીમ કાનુ

હથોડા: હથોડા ગામે આવેલી ઉચ્ચતર પ્રાથમિક શાળા ખાતે મંગળવારે કન્યા કેળવણી મહોત્સવ અને ભૂલકાંનો શાળા પ્રવેશોત્સવ અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. શાળાના ઉપલા હોલમાં તાલુકા પંચાયત સદસ્ય, ગામનાં સરપંચ અફસાના હુસેન આરફ, હુસેન આરફ તેમજ હાજર રહેલા અન્ય કાર્યકરોના હસ્તે બાળકોને દફ્તર, કંપાસ વગેરેનું વિતરણ કરાવી શાળામાં પ્રવેશ લેનાર બાળકોનો ઉત્સાહ વધાવ્યો હતો. અંતે છોડ રોપી પર્યાવરણના જતનનો સંદેશ અપાયો હતો.

ઝાબ શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

હિતેશ પટેલ

માંડવી: માંડવીની ઝાબ પ્રાથમિક શાળામાં મામલતદાર જયપ્રકાશ મિસ્ત્રીના અધ્યક્ષ સ્થાને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. આ મહોત્સવ અંતર્ગત આંગણવાડીના બે અને બાલવાટિકાના એકવીસ મળી કુલ ત્રેવીસ ભૂલકાંને પ્રાથમિક શાળામાં વિધિવત પ્રવેશ કરાવાયો હતો. ગ્રામ પંચાયત તરફથી ભૂલકાંને શૈક્ષણિક કિટ અને વિવિધ રમકડાંનું તેમજ શાળાના તમામ વિદ્યાર્થીઓને તમામ વિષયની નોટબુકનું વિતરણ કરાયું હતું. મેરિટમાં આવેલા તેજસ્વી વિદ્યાર્થીઓનું ઇનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા. કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ કરાયું હતું. આ પ્રસંગે ટીપીઇઓ નિલેશ વસાવા, શાળાના આચાર્ય કલ્પેશભાઈ, જિ.પં. સદસ્ય દર્શનાબેન ગામીત, સરપંચ લલિતાબેન ગામીત, ડેપ્યુટી સરપંચ ભરતભાઈ, ગ્રામ પંચાયત સભ્યો, એસએમસી કમિટી અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

ઉમરપાડાની ત્રણ શાળામાં ૩૫૦ ભૂલકાંનું નામાંકન

વિનોદ મકવાણા

વાંકલ: ‘કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ’ અંતર્ગત પ્રથમ દિવસે માંગરોળના ધારાસભ્ય ગણપતસિંહ વસાવાએ ઉમરપાડા તાલુકાની ત્રણ વિવિધ શાળાઓની મુલાકાત લઈ આંગણવાડી, બાળવાટિકા, ધોરણ-૧, ૯ અને ૧૧ મળી કુલ ૩૫૦ વિદ્યાર્થીનું ઉત્સાહભેર નામાંકન કરાવ્યું હતું. પ્રથમ વખત શાળાનું પગથિયું ચડતાં ભૂલકાંને સ્કૂલબેગ, નોટબુક, વોટર બોટલ, ફળો અને રમકડાંની કિટ આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રવેશોત્સવ પ્રસંગે ઉમરપાડાના BRC કો-ઓર્ડિનેટર અલ્પેશભાઈ પંચાલ, તાલુકા પંચાયતના સભ્યો, વાડી ગ્રામ પંચાયતના સરપંચ ભૂપેન્દ્રભાઈ વસાવા, ડેપ્યુટી સરપંચ મધુભાઈ, હરીશભાઈ વસાવા, શાળાના આચાર્યો તથા વાલીઓ હાજર રહ્યા હતા.

કૂતરું કરડે ગુજરાતમાં, સારવાર માટે જવું પડે છે મહારાષ્ટ્ર!

કુકરમુંડા અને નિઝર CHCમાં રેબિસ રસી ન મળતાં ૪ વર્ષની બાળકીની નંદુરબારમાં સારવાર

કુકરમુંડા: કુકરમુંડાના રણાઈચી ગામમાં કૂતરાના હુમલાનો ભોગ બનેલી ૮ વર્ષની બાળકીને સ્થાનિક સરકારી હોસ્પિટલોમાં રેબિસ વિરોધી રસી ન મળતાં, છેક મહારાષ્ટ્ર સુધી ભટકવાની નોબત આવી છે.

કુકરમુંડાના રણાઈચી ગામમાં ધોરણ-૨માં ભણતી ધનિશા હર્ષદભાઈ વળવી (ઉ.વ.૮) પર ગત શનિવારે એક કૂતરાએ હુમલો કરી પગના ભાગે બચકું ભર્યું હતું. બાળકીના પિતા તેને તાત્કાલિક કરોડોના ખર્ચે બનેલા કુકરમુંડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ ગયા હતા, પરંતુ ત્યાં રેબિસ વિરોધી રસી ઉપલબ્ધ ન હોવાથી તેમને નિઝર CHC ખાતે જવા જણાવાયું હતું. આશ્ચર્યની વાત એ છે કે, નિઝર અને અક્કલકૂવા આરોગ્ય કેન્દ્રમાં પણ રસીનો સ્ટોક ખાલી હોવાનું સામે આવ્યું હતું. અંતે કોઈ વિકલ્પ ન રહેતાં પરિવારજનો બાળકીને તાત્કાલિક સારવાર માટે મહારાષ્ટ્રના નંદુરબાર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા, જ્યાં તેને રેબિસની રસી આપવામાં આવી હતી. બાળકીના પિતા હર્ષદભાઈએ રોષે ભરાઈને જણાવ્યું કે, જો દીકરીની સ્થિતિ વધુ ગંભીર હોત તો તેની જવાબદારી કોની હોત?

આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ ફેલાયો છે. ગ્રામજનો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો અંતરિયાળ વિસ્તારના સરકારી કેન્દ્રોમાં રેબિસ જેવી જીવનરક્ષક રસી જ ઉપલબ્ધ ન હોય, તો કટોકટીના સમયે લોકોના જીવ કેવી રીતે બચશે? આરોગ્ય વિભાગ આ બાબતને ગંભીરતાથી લઈ તાત્કાલિક પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવે તેવી લોકમાંગ ઊઠી છે.

પૂર્વ પત્ની સાથેના કોર્ટ કેસની અદાવતમાં યુવકને ધમકી

પાલોદની ઘટના, પૂર્વ પત્નીના પિતરાઈના નંબર પરથી ધમકી મળતાં ફરિયાદ

હથોડા: પૂર્વ પત્ની સાથેના છૂટાછેડા બાદ કોર્ટમાં પેન્ડિંગ કેસોની અદાવત રાખી યુવકને ધમકી મળતાં મામલો પાલોદ પોલીસ મથકે પહોંચ્યો હતો.

કુંવારદા-કીમ ખાતે રહેતો વિકાસકુમાર રામરતન પાઠક નામનો યુવાન પાલોદ પંચાયત કચેરી ખાતે એક મિત્રને મળવા માટે ગયો હતો. દરમિયાન તેના મોબાઈલ ફોન પર એક અજાણ્યા નંબર પરથી હિન્દી ભાષામાં અત્યંત અપમાનજનક મેસેજ આવ્યા હતા. આ મેસેજમાં ‘બસ્તીમાં આવો તો તમને બતાવી દઉં’ અને ‘અગાઉ માર ખાધો છે છતાં સુધરો નહીં’ તેમ કહીને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી.

વિકાસકુમારે આ અજાણ્યા નંબરને ટ્રુકોલર એપ્લિકેશન પર સર્ચ કરતાં તે નામ અનુપમ મિશ્રા હોવાનું ખૂલ્યું હતું. તપાસ કરતા જાણવા મળ્યું કે, અનુપમ મિશ્રા એ વિકાસકુમારની પૂર્વ પત્નીનો કુટુંબી ભાઈ થાય છે. વિકાસકુમારનાં તેની પત્ની સાથે છૂટાછેડા થઈ ગયા હોવા છતાં હાલમાં માંગરોળ અને ઈલાહાબાદ ખાતે બંને પક્ષ વચ્ચે કેટલાક કોર્ટ કેસ પેન્ડિંગ ચાલી રહ્યા છે. આ જ કેસોની અદાવત મનમાં રાખી અનુપમે સોશિયલ મીડિયાના માધ્યમથી ધાકધમકીભર્યા મેસેજ મોકલ્યા હતા. આ મામલે વિકાસકુમારે પાલોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

મૂળદ-કીમામલી રોડ પર આગ લાગતાં ટેમ્પો બળી ગયો

કિરણ ઢોડિયા

કીમ: કીમ-ઓલપાડ રોડ વચ્ચે આવેલા મૂળદ-કીમામલી રોડ પર મંગળવારે બ્લુબર્ડ એક્સપ્રેસ ટ્રાન્સપોર્ટ કંપનીનો આઈશર ટેમ્પો નં.(GJ 19 Z 2437) આગની લપેટમાં આવી ગયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક ફાયર ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે, ઘટના સમયે ટેમ્પો ચાલક સ્થળ પરથી ફરાર થઈ જતાં સમગ્ર બનાવ રહસ્યમય બન્યો છે. મળતી માહિતી મુજબ બ્લુબર્ડ એક્સપ્રેસ ટ્રાન્સપોર્ટ કંપનીનો ટેમ્પો દરરોજની જેમ સુરતથી કામરેજ સ્થિત એમેઝોનના વેરહાઉસમાં માલ ભરવા માટે નીકળ્યો હતો. ટેમ્પોમાં લગાવેલા જીપીએસ ટ્રેકર પરથી કંપનીને જાણ થઈ કે વાહન નક્કી કરેલા રૂટને બદલે અન્ય દિશામાં જઈ રહ્યું છે. કંપનીના મેનેજરે ટેમ્પો ચાલક કુલદીપ કુમારનો ટેલિફોન પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સંતોષકારક જવાબ મળ્યો ન હતો. ત્યારબાદ જીપીએસ લોકેશન મૂળદ-કીમામલી રોડ વિસ્તારમાં સ્થિર થઈ ગયું. થોડા સમય બાદ કંપનીને ફોન દ્વારા જાણ કરવામાં આવી કે તેમના ટેમ્પોમાં આગ લાગી છે અને સ્થળ પર ચાલક હાજર નથી. કંપનીના મેનેજરને ટેમ્પો સળગતી હાલતમાં જોવા મળ્યો હતો, આ બનાવમાં સ્થાનિક ફાયર વિભાગે આગ બુઝાવવાની કામગીરી કરી હતી.

કુડસદ GIDCમાં SMCનો મેગા દરોડો: ૩.19 લાખનો દારૂ કબજે

૩.55.38 લાખનો મુદ્દામાલ જપ્ત, 3 આરોપીની ધરપકડ, 13 વોન્ટેડ

કિરણ ઢોડિયા

કીમ: કીમ પોલીસ મથક વિસ્તારમાં આવેલા કુડસદ GIDCમાં તા.22ના રોજ સ્ટેટ મોનિટરિંગ સેલે વિદેશી દારૂના ગેરકાયદે ધંધા પર મોટી કાર્યવાહી કરતાં 55.38 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે દારૂનું કાર્ટિંગ કરી વેચાણ કરતી ગેંગનો પર્દાફાશ કરી ત્રણ આરોપીની ધરપકડ કરી છે, જ્યારે 13 આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. SMCના એએસઆઈ મહિપતસિંહ હેમતસંગની ફરિયાદના આધારે કીમ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. દરોડામાં પોલીસે વિદેશી દારૂ અને બિયરના કુલ 5,928 નંગનો જથ્થો, કિંમત 19.88 લાખ, ચાર કાર (35 લાખ), ચાર મોબાઇલ ફોન, 30 હજાર રોકડા તથા અન્ય પુરાવા મળી કુલ રૂ.55,38,160નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ કેસમાં વિજયભાઈ બાબુભાઈ પટેલ (સાયણ), અલ્પેશભાઈ રવજીભાઈ ચૌધરી (કીમ) અને હરિશભાઈ છગનભાઈ પાટણવાડિયા (વડોદરા)ની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે તપાસ દરમિયાન ઉમેશ ઉર્ફે મેડી અમરતભાઈ પટેલ (દમણ), સદ્દામ શેખ, વિકાસ, ચિરાગ (કોસંબા), મેહુલ પટેલ (આડમોર), દશરથ ઉર્ફે દશુ વસાવા, અનિલ (સાયણ), ઈમરાન ઉર્ફે મરઘી (કીમ), લાલુ (શિયાદલા), હરીશ અને સંતોષ (નવાપરા, કીમ), માંજરો (સાયણ) સહિત કુલ 13 આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. આ આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ ગેરકાયદે રીતે દારૂનો જથ્થો લાવી તેનું કાર્ટિંગ કરી વેચાણ કરતા હતા.

બારડોલીના બાબેન ગામે યુવાને ફાંસો ખાધો

બારડોલી: બાબેન ગામની શિવમનગર સોસાયટીમાં ઘર નં.૯૬માં રહેતા અને નોકરી કરતા અંકિતભાઈ મનોજભાઈ પટેલ (ઉ.વ.૩૬) એ ગઈકાલે તા.૨૨ જૂન-૨૦૨૬ના રોજ સવારના ૬ વાગ્યા પહેલાં પોતાના ઘરે ઈલેક્ટ્રિક વાયર વડે સીલિંગ પંખા સાથે ફાંસો ખાઈ લીધો હતો. આ બનાવ અંગે પ્રકાશભાઈ ગણપતભાઈ પટેલ (રહે.,લેક પેલેસ, બાબેન)એ સવારે ૯ વાગ્યે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પોલીસે આ સંદર્ભે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. યુવાને કયાં કારણોસર આ અંતિમ પગલું ભર્યું એ હજી જાણી શકાયું નથી.

ઓલપાડના અસ્નાબાદમાં ગેરકાયદે માટીખનન બદલ રેઈડ

ભૂસ્તરશાસ્ત્રીએ મુદ્દામાલ કબજે કર્યો

સાયણ: ઓલપાડ ગ્રુપ ગ્રામ પંચાયતના અસનાબાદ ગામના સરકારી તળાવમાં પરમિશન પૂર્ણ થયા બાદ પણ બિનઅધિકૃત માટી ખનન ચાલુ રાખતાં સ્થાનિકોએ ફરિયાદ કરી હતી. આ ફરિયાદના આધારે સુરત ખાણ-ખનીજ વિભાગના ભૂસ્તરશાસ્ત્રી પ્રવીણ ખંભાળિયાની ટીમે ૨૩ જૂનના રોજ તળાવ પર દરોડા પાડ્યા હતા. આ રેઈડ દરમિયાન તંત્રએ કોન્ટ્રાક્ટર હરેશ વણઝારાનાં ૫ ડમ્પર અને ૨ હિટાચી મશીન સહિત આશરે ૩ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હોવાની ચર્ચા છે. જો કે, આ મામલે ભૂસ્તરશાસ્ત્રીએ ફોન રિસીવ ન કરતાં અને ઓલપાડ પોલીસ મથકના પીઆઈ સી.આર.જાદવે પણ કોઈ પોલીસ ફરિયાદ ન નોંધાઈ હોવાનું જણાવતાં સ્થાનિકોમાં અનેક શંકા-કુશંકાઓ વહેતી થઈ છે. સમગ્ર તાલુકામાં ચર્ચાનો વિષય બનેલા આ મામલે સુરત કલેક્ટર ઊંડાણપૂર્વક તપાસ કરે તેવી માંગ ઊઠી છે.

પાલોદમાં 900 પેટી દારૂ પકડાવા મુદ્દે PSI અને જમાદાર સસ્પેન્ડ

ઉચ્ચ કક્ષાએથી આકરાં પગલાં લેવાયાં

હથોડા: પાલોદ પોલીસ મથકથી માત્ર ૧૫૦ મીટરના અંતરેથી ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે તાજેતરમાં ૯૦૦થી વધુ ઇંગ્લિશ દારૂની પેટીઓ ઝડપી પાડી હતી. આ ઘટનાને પગલે સ્થાનિક પોલીસ તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. આ બનાવમાં સુરત જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયાએ કડક વલણ અપનાવી પાલોદ પોલીસ ચોકીના પીએસઆઈ પરાક્રમસિંહ કચ્છવાહાની જિલ્લા કંટ્રોલ રૂમમાં અને પીઆઈ એસ.જે.ભાટિયાની જિલ્લા એલ.આઈ.બી. શાખામાં બદલી કરી દીધી હતી.

જો કે, એસ.એમ.સી.ની ટીમે આ સમગ્ર મામલે ગુજરાત રાજ્ય પોલીસ વડાને વિગતવાર અહેવાલ સોંપતાં ઉચ્ચ કક્ષાએથી વધુ આકરાં પગલાં લેવામાં આવ્યાં છે. રાજ્ય પોલીસ વડાના આદેશથી પાલોદના પીએસઆઈ પી.એચ. કછવાહા તેમજ ડી-સ્ટાફના જમાદાર પ્રવીણ માવજીભાઈને તાત્કાલિક અસરથી નોકરીમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. ઉચ્ચ અધિકારીઓની આ કડક કાર્યવાહીથી સમગ્ર જિલ્લા પોલીસ બેડામાં ફફડાટ વ્યાપી ગયો છે.

વાલોડમાં વીજ પુરવઠા માટે ઊર્જા વિભાગને રજૂઆત

વાલોડ: મહુવા વિધાનસભાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા દ્વારા ઊર્જા વિભાગના મંત્રીને લેખિત અરજી કરાઈ હતી, જેમાં તેમના મત વિસ્તારમાં ખેડૂતોની પડતી મુશ્કેલી જણાવી હતી. જે અરજીમાં ઉર્જા વિભાગના મંત્રીને જણાવ્યું હતું કે, મહુવા, વાલોડ તેમજ અંબિકા તાલુકાનાં ગામડાંમાં મોટા ભાગના આદિવાસી અને નાના ખેડૂતો ખેતી કરી ગુજરાન ચલાવે છે. જેઓનું જીવન ખેતીપાક ઉપર નિર્ભર રહેતું હોય છે. હાલ ચોમાસાની સિઝન લંબાતાં ખેડૂતોની સૌથી મોટી સમસ્યા ખેતરોમાં પાણી આપવાની છે. જો કે, ખેતી વિભાગમાં હાલ 8 કલાક પાણી આપવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં આ વિસ્તારમાં રાત્રિ દરમિયાન જંગલી પશુઓ દ્વારા ખેડૂતો ઉપર હુમલાની ઘટના પણ અવારનવાર બની રહી છે. જેથી ખેડૂતોને સુરક્ષિત રીતે પિયત માટે 10 કલાક વીજ પુરવઠો મળી રહે એ માટે ધારાસભ્ય મોહનભાઈ દ્વારા ઊર્જા વિભાગના ઋષિકેશ પટેલને રજૂઆત કરાઈ છે.

આમોદમાં જુગાર રમતા સાત પકડાયા

ભરૂચ: હાંસોટના આમોદ ગામે નહેર પાસે ઝાડ નીચે મોબાઈલ ટોર્ચના અજવાળે જુગાર રમતા સાત ઈસમને પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે પાડેલા આ દરોડા દરમિયાન રોકડા રૂ.13,320, બે મોબાઈલ ફોન અને બે બાઇક મળી કુલ રૂ.83,820નો મુદ્દામાલ કબજે કરાયો છે. પકડાયેલા સાકીર મલેક, અસ્લમ મલેક, જાકીર શેખ, ઈર્શાદ પઠાણ, ચંદ્રકાંત પરમાર, ઘનશ્યામ પરમાર અને રઈશ શેખ વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

કારેલીમાં અગાસી પર સૂતેલા આધેડનું શંકાસ્પદ મોત

પલસાણા: પલસાણાના કારેલી ગામની ગણેશ રેસિડન્સીમાં ઘરની અગાસી પર સૂતેલા પર વર્ષીય આધેડનું રહસ્યમય સંજોગોમાં મોત નીપજ્યું હતું. પલસાણા પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મૂળ મહારાષ્ટ્રના જલગાંવના પંચોરાના પીપલગામના વતની અને હાલ પલસાણાના કારેલી ગામે આવેલી ગણેશ રેસિડન્સીના મકાન નં.૩૨માં રહેતા શંકરભાઇ સુખદેવ પાટીલ (ઉ.વ.૫૨) ગત તા.૨૧ જૂન-૨૦૨૬ના રોજ રાત્રે પોતાના ઘરની અગાસી પર સૂતા હતા. રાત્રે આશરે ૧૦.૩૦ વાગ્યાના સુમારે તેમના પુત્ર દીપકભાઈ પાટીલે તેમને જગાડવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેઓ શરીરમાં કોઈ હલચલ ન કરતાં અને નહીં ઊઠતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. તેમને તાત્કાલિક પ્રાથમિક સારવાર અર્થે બારડોલીની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા. મૃતકના પુત્ર દીપકભાઇ શંકરભાઇ પાટીલે પલસાણા પોલીસ મથકમાં જાણ કરતાં આપતાં પોલીસે અકસ્માત મોતની નોંધ કરી છે.

ધી કડોદ હાઈસ્કૂલમાં શાળા પ્રવેશોત્સવ

કેતન પટેલ

કડોદ: ધી કડોદ હાઈસ્કૂલ, કડોદ ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. જે અંતર્ગત ધો-9 અને ધો-11માં નવા પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓનું તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. ધો- 9માં 255 બાળકો તથા ધો-11માં 132 બાળકોએ પ્રવેશ લીધો હતો. રાજ્ય કક્ષાના અધિકારી શિવાંગીબેન ચૌધરી આ શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની હતાં. તેઓ ભૂતકાળનાં સ્મરણો વાગોળતા વાતાવરણ ભાવુક થઈ ગયાં હતાં. આ પ્રસંગે બારડોલી મામલતદાર કલ્પનાબેન પટેલ, નાયબ મામલતદાર વિવેકભાઇ ગાંધી, તાલુકા પંચાયત સભ્ય ધ્વનિભાઇ ભાવસાર, સંસ્થાના પ્રમુખ કેતનભાઇ પટેલ, ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ ગાંધી, ખજાનચી પિનાકીન શાહ, શાળાના આચાર્ય સુનીલભાઈ રાજપૂત ઉપસ્થિત રહ્યા હતા.

માંગરોળના પાંચ રીઢા ગુનેગારો તડીપાર

વાંકલ: સુરત ગ્રામ્યના માં ગરોળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે માથાભારે તત્ત્વો સામે કડક પગલાં લેવાયાં છે. રાયોટિંગ, એટ્રોસિટી અને સરકારી ફરજમાં રૂકાવટ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા મુસા ભુલા, મોહસીન ભોરાત, સિરાજ ભોરાત, ફરહાન દિવાન અને હિરેન પરમાર નામના પાંચ રીઢા આરોપીને માંડવી પ્રાંત મેજિસ્ટ્રેટના હુકમથી તડીપાર કરવામાં આવ્યા છે.

Milano MULTIPLEX
બારડોલી
Cocktail 2
12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 10:00pm
Jindagi Once More-Gujarati
02:00pm, 05:00pm, 09:30pm
Toy Story 5-Hindi
11:00am
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333